# ખુશહાલ દિવાળીની મનભાવન રંગોળી


પ્રજ્ઞેશ કામદાર, સેક્ટર-૮-બી


નિરાલી ગોહેલ, સેક્ટર-૪-સી


કૃતિકા ધર્મેન્દ્રસિંહ ઝાલા, સેક્ટર-૧-સી


અંકિતા એ. ભટ્ટ, વાવોલ


કવિતા એસ. પટેલ, શાલીન-૪, વાવોલ


વિશ્વા દવે, સેક્ટર-૭-ડી


પૂજા ધર્મેન્દ્રકુમાર મહેતા, સેક્ટર-૨૩



સાક્ષી ધીરજ કોઠારી, સેક્ટર-૮

ગાંધીનગર સમાચાર

નૂતન વર્ષની પ્રભાતે ગાંધીનગર સમાચારના સૌ વાચક પરિવારને નૂતન વર્ષના

**અભિનંદન અને પ્રણામ**

- કૃષ્ણકાન્ત જહા, તંત્રી

ગાંધીનગર સમાચાર

## અંક બંધ

નૂતન વર્ષ અને ભાઈબીજ નિમિત્તે તા. ૧૨ અને ૧૩ નવેમ્બરના રોજ ગાંધીનગર સમાચાર કાર્યાલય સંપૂર્ણ રજા પાળશે. જેથી અનુક્રમે તા. ૧૩ અને ૧૪ નવેમ્બરના રોજ ગાંધીનગર સમાચારનો અંક પ્રસિદ્ધ થશે નહિ જેની વાચક, વિતરક અને વિજ્ઞાપન દાતાઓને નોંધ લેવા વિનંતી.

- વ્યવસ્થાપક

# ગાંધીનગરમાં દિવાળીની ધામધૂમથી ઉજવણી

## મંદિરો અને ધાર્મિક સ્થળોએ દેવદર્શન માટે ભારે ભીડ : ફટાકડાઓના અવાજોથી શહેર ગુંજ્યું

ગાંધીનગર, તા. ૧૧
રોશનીના હર્ષ-ઉલ્લાસના પર્વ દિવાળીની શહેરમાં ખુબ ધામધૂમથી ઉજવણી થઈ હતી. આખુ શહેર રોશનીથી ઝળહળી ઉઠ્યુ હતુ અને ફટાકડાઓના અવાજથી ગુંજી ઉઠ્યું હતું. આખો દિવસ દિવાળીની ઉજવણીનો માહોલ જામ્યો હતો.

ગાંધીનગર શહેરમાં દિવાળીની ઉજવણીનો અનોખો માહોલ જોવા મળ્યો હતો. અગિયારસથી શહેરમાં વિવિધ ઈમારતો, હોટલ અને ઘરો પર રોશની થઈ હતી. આજે શહેર વધુ પ્રકાશમય બન્યુ હતુ.

વહેલી સવારથી જ મંદિરો અને ધાર્મિક સ્થળોએ દેવદર્શન માટે ભારે ભીડ જોવા મળી હતી. શહેરના પંચદેવ મંદિર સહિતના જાણીતા મંદિરોમાં વહેલી સવારથી જ ભાવિકો-શ્રદ્ધાળુઓની કતાર જોવા મળી હતી. મંદિરોમાં વિશેષ પૂજા અને ધાર્મિક કાર્યક્રમોનું આયોજન થયું હતું. લગભગ આખો દિવસ મંદિરોમાં ભારે ભીડ જોવા મળી હતી.

ગાંધીનગર શહેર ઉપરાંત આસપાસ આવેલા ધાર્મિક સ્થળોએ પણ ભાવિકો ઉમટી પડ્યા હતા. સાંજ પડતા જ આખુ શહેર જાણે રોશનીથી ઝળહળી ઉઠ્યું હતુ. અંધારૂ થતાં જ ફટાકડાઓના અવાજો અને રોશનીથી શહેર ગુંજી ઉઠયુ હતુ.

દિવાળીના દિવસે પણ છેલ્લી ઘડીની ખરીદી બજારોમાં થતી જોવા મળી હતી. તૈયાર વસ્ત્રો અનો ઘર સાજાવટની ચીજવસ્તુઓની ખરીદી તથા હોમ એમ્પ્યાલનસીઝની ખરીદી માટે બજારોમાં ભીડ જોવા મળી હતી. બજારો મોડી રાત સુધી ખુલ્લા રહ્યા હતા. રેસ્ટોરન્ટ અનો ખાણીપીણીના ફૂડ જોઈન્ટસ પર ભારે ભીડ જોવા મળી હતી.

અમદાવાદ-ગાંધીનગર વચ્ચે વાહનોની અવરજવર પણ વધી ગઈ હતી. હરવા ફરવા જનારા પરિવારો પણ દિવાળીની ઉજવણી કરી સાંજ પછી હરવા ફરવા ઉપડી ગયા હતા. સરકારી કચેરીઓ સિવાયની કચેરીઓમાં કેટલાક સ્થળોએ વિશેષ પૂજાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.




હનુમંત પૂજન - સેક્ટર-૨૩ સ્વામિનારાયણ મંદિર ખાતે કાળીચૌદસની સાંજે હનુમંત પૂજન તથા આરતીનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. હનુમંત મહિમા તથા સુંદરકાંડના સામુહિક પાઠમાં ભાવિકો મોટી સંખ્યામાં જોડાયા હતા. ભાવસભર કાર્યક્રમથી આધ્યાત્મિક માહોલ સર્જાયો હતો.

સે. ૧થી ૪ના ઉદ્યાનો માટે તંત્ર દ્વારા ખાસ આયોજન

# નવાં સૅકટર્સના બગીચાઓમાં રમતગમતનાં નવાં સાધનો મૂકાશે

ગાંધીનગર તા ૧૦
શહેરના સે-૧ થી ૪ ના બગીચામાં રમતગમતના સાધનો મુકવામાં આવશે. છેલ્લા ઘણાં સમયથી સેકટરોના બગીચા જાળવણીના અભાવે ઉજ્જડ બન્યા છે. જયારે બગીચાઓમાં બાળકો માટેના રમત ગમતના સાધનો પણ તુટેલી હાલતમાં છે. જેંના પરિણામે સ્થાનિક રહીશોમાં પણ નારાજગી પણ વ્યાપી છે. જો કે તંત્ર દ્વારા નવા સેકટરોના બગીચાઓમાં રમતગમતના નવા સાધનો મુકવાનુ આયોજન કરી દેવામાં આવ્યુ છે.

શહેરના સેકટરોમાં સ્થિત બગીચાઓ જાળવણીના અભાવે ખંડેર બનતા જાય છે. જયારે સેકટરોના બગીચાઓની સંભાળ માટે તંત્ર પાસે પુરતા સાધનો તેમજ મેન પાવર ન હોવાથી બગીચાની જાળવણીનો મામલો રામભરોસે હોય તેવી દયાજનક સ્થિતિ સર્જાય છે. સેકટરોમાં મોટાભાગના બગીચાઓમાં મુકાયેલી સોલર લાઈટની બેટરી પણ ચોર તત્વો ચોરી ગયા હોવાથી રાત્રિના સમયે બગીચાઓમાં અંધારપટ્ટ છવાઈ જાય છે. જેના પરિણામે સાંજ ઢળતા જ બગીચાઓમાં અંધારપટ્ટ છવાઈ જતા સેકટરવાસીઓ જવાનુ ટાળે છે. ગરમીના દિવસોમાં સેકટરવાસીઓ બગીચાઓની આ સ્થિતિ અંગે વિશેષ અફસોસની લાગણી વ્યકત કરે છે. સેકટરોના બગીચાઓમાં પાણીની જરૂરિયાત ન સંતોષાતા બગીચાની હરિયાળી લોન પણ ખરાબ થઈ ગઈ છે. આવા સંજોગોમાં સેકટરોના બગીચાઓને મરણપથારીએથી બેઠા કરવા માટે લાંબા સમયથી કોઈ પગલા લેવાતા નથી. બગીચાઓમાં લાંબા સમયથી ભુલકાઓ માટે રમત ગમતના સાધનો મુકવા પ્રબળ માંગ ઉઠવા પામી છે.

Mahindra Rise.




મહિન્દ્રા તહેવારોમાં વરસે લાભ વર્ષા

₹ 30,000 સુધીનો લાભ*

Electric Sunroof | Class Logo Projection Lamps | 6-Way Power Adjustable Driver'Seat | THE NEW AGE XUV500 MAY YOUR LIFE BE FULL OF STORIES

Mahindra with you hamesha | Sunday Open | XMart | Mahindra First Choice | આકર્ષક ફાઈનાન્સ સ્કીમ Mahindra FINANCE

* અહીં દર્શાવેલ કુલ ડીસ્કાઉન્ટની રકમ એક્સ શો-રુમ અમદાવાદ પ્રમાણે છે જેમાં ઈન્શ્યોરન્સ અને એક્સચેન્જ બેનીફીટ સામેલ છે. તેમજ એક્સચેન્જ ફકત મહિન્દ્રા ફર્સ્ટ ચોઈસ દ્વારા જ માન્ય સ્કીમ ડીલર્સના સૌજન્યથી અને શરતોને આધિન.

શિવમ સેલ્સ કોર્પોરેશન નેશનલ હાઇવે નં. ૧૪, ગાયત્રી મંદિરની સામે, RTO ઓફિસ પાસે, પાલનપુર
પરેશ પરમાર - ૯૮૨૫૦ ૨૬૭૩૪ ● કાર્તીક પુરોહિત - ૯૮૯૮૮ ૦૯૩૦૧


સૅક્ટર-૧૯ની પૂછપરછ કચેરી પાસે એક રીક્ષા દિવસોથી બિનવારસી હાલતમાં પડી રહી છે. રીક્ષાનો કામચલાઉ રજિસ્ટ્રેશન નંબર (ટીસી) આછો થઈ ગયેલો જોઈ શકાય છે. મતલબ કે રીક્ષા નવી હાલતમાં જ છે. આ રીક્ષા કોની હશે એ બાબતે આસપાસના રહીશો ચર્ચા કરી રહ્યા છે. જો સત્વરે આ રીક્ષાનો માલિક નહીં મળી આવે તો પોલીસને જાણ કરવાની વિચારણા પણ સ્થાનિક નાગરિકો કરી રહ્યા છે.

GK Gurukrupa Krafts Pvt. Ltd.

તરફથી નવા વર્ષની શુભકામનાઓ.

GURUKRUPA KRAFTS PVT. LTD.

Manufactures : Absorbent Kraft Papers

Village Kabola, Post Bachadiya,
Ta.Modasa-383315, Dist.Arvalli (Guj.)

Happy New Year

તત્વ ફાઉન્ડેશન ટ્રસ્ટ
દ્વારા સંચાલીત
તત્વ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજીકલ સ્ટડીઝ,
મોડાસા
તેમજ
તત્વ પરીવાર
તરફથી
દિવાળીની શુભકામનાઓ અને
નૂતન વર્ષાભિનંદન

કલેકટર કચેરી સામે, મોડાસા શામળાજી રોડ,મોડાસા, અરવલ્લી
૯૦૯૯૦ ૬૩૪૮૭, ૯૮૨૫૦ ૬૨૭૫૧